Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

૮ જુલાઇ, ૨૦૨૦/૧૨૬૯૭

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજય, સ્વર્ણિમ સંકુલ-૧
નવા સચિવાલય,,tkÄe™,,h-382 010.

**માનનીય શ્રી વિજયભાઇ,**

**વિષય : કારખાના ધારા-૧૯૪૮ હેઠળ નોંધાયેલા કારખાનામાં અકસ્માત દરમ્યાન કરવામાં આવતી કાયદેસરની કાર્યવાહી અંગે પોલીસ વિભાગની ભૂમિકા બાબત.**

**રેફરન્સ: નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસોસીયેશન, જી.આઇ.ડી.સી., નંદેસરી જી.વડોદરાની તેમના તા.૨૩-૬-૨૦૨૦ના પત્રથી રજૂઆત.**

સવિનય ઉકત વિષયના અનુસંધાન પત્ર તરફ આપનું ધ્યાન દોરું છું. નંદેસરી ઈન્ડ. એસોસીયેશને કારખાનામાં થતા અકસ્માત સમયે બે જુદા જુદા ખાતા (૧) શ્રમ અને (૨) પોલીસ દ્વારા એક જ બનાવને લઇને અલગ-અલગ ગુનાઓ કારખાનાના માલીકો/ હોદ્દેદારો સામે દાખલ કરવામાં આવે છે તેને રોકવા માટે રજૂઆત કરેલ છે. તેમની રજૂઆતમાં તથ્ય જણાય છે કારણ કે સામાન્ય રીતે કારખાનાના સ્થળ/કામદાર ની સલામતી અંગેના કાયદાના જાણકાર અને તાંત્રિક લાયકાત ધરાવતા અધિકારી મારફત થાય અને ચોક્કસ જવાબદારી નક્કી થાય ત્યારબાદ જ કોર્ટમાં ફરિયાદ થાય તે જ વધારે ઉચિત ગણાય. અન્યથા કારખાનાના માલીક/ હોદ્દેદારોની તાત્કાલિક ધરપકડથી અકસ્માતમાં થતી જાનહાનિ, સારવાર તથા અન્ય નુકશાનીને લગતા પગલાં લેવામાં માલીકો/ હોદ્દેદારોની ગેરહાજરીમાં મુશ્કેલી ઉભી થાય છે જે ધ્યાને લઇને ખરેખર આવા કિસ્સાઓમાં માત્ર લાગુ પડતા કારખાના ધારા-૧૯૪૮ હેઠળ જ સત્તાધિકારી દ્વારા નિયમોનુસારની કાર્યવાહી થાય અને પોલીસની બીનજરૂરી કારણ વિનાની કનડગત દૂર થાય તેવા જરૂરી હુકમો કરવા અમારી નમ્ર વિનંતી છે.

આભાર સહ,

**આપનો વિશ્વાસુ,**

**તન્મય મહેતા**
**સેક્રેટરી જનરલ**

**બિડાણ : નંદેસરી ઈન્ડ. એસોસીયેશનનો તા. ૨૩-૬-૨૦૨૦ નો પત્ર**

# NANDESARI INDUSTRIES ASSOCIATION

Plot No. 134/1, G.I.D.C. Estate, Opp. Shopping Centre, Nandesari-391 340, Dist. Baroda.
Phone : 0265-2840390 Fax : 0265-2840 890 E-mail : nia_ndsr@yahoo.co.in, niandsr@gmail.com

**CHAIRMAN**
Babubhai C. Patel
Mob. : 98240 01925

**PRESIDENT**
Bharat M. Shah
Mob. : 98250 40341

**VICE-PRESIDENT**
Kamlesh J. Palan
Mob. : 98240 31883

**HON. SECRETARY**
Aashish R. Amin
Mob. : 98240 24796

**HON. TREASURER**
Amratbhai Sitapara
Mob. : 98252 43404

**HON. JT. SECRETARY**
Rajesh C. Dhabale
Mob. : 99783 77677


તારીખ: ૨૩/૦૬/૨૦૨૦

પ્રતિ,
મે. વિજયભાઈ રૂપાણી
માનનીય મુખ્ય મંત્રીશ્રી
ગાંધીનગર
ગુજરાત

વિષય: કારખાના ધારા -૧૯૪૮ હેઠળ નોંધાયેલા કારખાનામાં અકસ્માત દરમિયાન કરવામાં આવતી કાયદેસરની કાર્યવાહી અંગે પોલિસ વિભાગની ભૂમિકા બાબત.

મે. સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય સહ જણાવવાનું કે મા. વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરવા આત્મ નિર્ભર ભારત અને વિદેશી રોકાણકારોને આકર્ષવા મજુર કાયદાઓમાં ઘણાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે તેને અમો આવકારીએ છીએ. ઇઝ ઓફ ડુઈંગમાં હજુ પણ ભારતનો ક્રમ પાછળ છે. આ ક્રમાંકને હજુ પણ ભારતમાં વિદેશી રોકાણને આકર્ષવા માટે ફેરફાર કરવા જરૂરી છે.

સાહેબ, આપ જાણો છો, દરેક ૧૦ કરતાં વધુ શ્રમિકોવાળા કારખાનાઓએ કારખાના ધારા ૧૯૪૮ હેઠળ રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે અને આ કાયદો શ્રમીકોની કામનાં સ્થળે સલામતી અંગેનો છે. અમો આ કાયદાના પાલન અંગે હંમેશા કટિબદ્ધ છીએ અને સલામતી અંગે કોઈ જ બંધ છોડ કરવા માંગતા નથી. આ એક ટેકનીકલ કાયદો છે અને કારખાનાની પ્રોસેસ, મશીનરી લે આઉટ, લાકડા વહોરવાના મશીનથી લઇ નવા નવા કેમિકલોની સલામતી અંગેની તમામ બાબતોએ કેવી રીતે સલામત કામ પાર પાડવું તેની તમામ વિગતો સમાવેશ કરેલ છે. આ વિભાગના તમામ અધિકારીઓ ટેકનીકલ લાયકાત ધરાવતાં અને જરૂરી અનુભવ ધરાવતાં અધિકારી હોઈ અકસ્માત તપાસ અંગે ચોક્કસ કારણોને ધ્યાનમાં લઇ નામદાર કોર્ટમાં કેસો દાખલ કરે છે. અકસ્માતના કિસ્સામાં પોલીસને પણ જાણ કરવામાં આવે છે. અને જે તે પોલીસ સ્ટેશનના અધિકારીઓ. કોઈ ટેકનીકલ લાયકાત ધરાવતા નથી. અને તેઓ અન્ય એજન્સી દ્વારા તથા સાથી શ્રમયોગીઓના અધકચરા નિવેદનોને આધારે IPC કલમો લગાવી. કારખાનાના માલિકોની તથા કારખાનાનાં ઉચ્ચ અધિકારીઓની ધરપકડ કરે છે. અકસ્માતનાં સમયે કારખાનાનાં માલિકોએ અકસ્માતમાં ઈજા પામેલા શ્રમિકોને હોસ્પિટલ મદદ કરવી. મરણ પામેલા શ્રમયોગીના આશ્રિતોને આર્થિક મદદ કરવી. તથા કારખાનામાં બનેલા બનાવને ત્વરીત પુન: સ્થાપિત કરવા અંગેની કામગીરી કરવી જરૂરી હોય છે. પરંતુ ધરપકડ ટાળવા આગોતરા જામીનની પ્રક્રિયામાં પડી જાય છે. વળી એક જ પ્રકારનાં ગુનામાં બે પ્રકારની એજન્સી દ્વારા તપાસને અંતે કોર્ટ કેસો થાય છે જે કુદરતી ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ છે માટે કારખાનામાં બનતા અકસ્માતના કિસ્સામાં પોલીસ વિભાગની કામગીરી સ્થગીત કરી. આવી કામગીરી ફક્ત ફેક્ટરી એકટ ૧૯૪૮ હેઠળ નીમાયેલા અધિકારીઓ જ કરે તેવો હુકમ કરવા નમ્ર અરજ છે. આ સાથે ભારતની વિવિધ હાઈકોર્ટના જજમેન્ટની નકલ સામેલ છે.

સામાન્ય રીતે કારખાનાઓમાં બનતા આગ/અકસ્માત/ધડાકાનાં બનાવો જેવા ગુન્હાઓ પ્રત્યક્ષ નથી પરંતુ પરોક્ષ ગુન્હા છે. તે પ્રકારનું અવલોકન માન. વડી અદાલત દ્વારા ઘણા કિસ્સાઓમાં કરવામાં

NANDESARI INDUSTRIES ASSOCIATION
Plot No. 134/1, G.I.D.C. Estate, Opp. Shopping Centre, Nandesari-391 340, Dist. Baroda.
Phone : 0265-2840390 Fax : 0265-2840 890 E-mail : nia_ndsr@yahoo.co.in, niandsr@gmail.com

આવેલ છે. વધુમાં જો આ પ્રકારનાં પરોક્ષ ગુનાઓમાં આટલા મોટી બે-બે કાયદા હેઠળની સજાઓ કરવામાં આવશે તો ભવિષ્યમાં કોઈ ઉદ્યોગકાર કારખાનું ચલાવવાની હિંમત નહીં કરે, નવા કારખાનાઓ તેમજ વિદેશી રોકાણકારો ભારતમાં રોકાણ કરતાં અચકાશે અને જેના કારણે રોજગારીના પ્રશ્નો ઉપસ્થિતિ થશે. આમ ઉપરોક્ત હકીકત ધ્યાને લઇ અમો ઉદ્યોગકારની વિનંતિ છે, કે ખરેખર આવા કિસ્સાઓમાં માત્ર લાગુ પડતા કારખાના ધારા-૧૯૪૮ હેઠળ જ સત્તાધિકારી દ્વારા નિયમોનુસારની કાર્યવાહી થાય અને પોલીસની બીનજરૂરી કારણ વિનાની કનડગત દૂર થાય તેવા જરૂરી હુકમો કરવા અમારી નમ્ર વિનંતિ છે.

આપનો વિશ્વાસુ,
નંદેસરી ઇન્ડસ્ટ્રીઝ અસ્સોશિયેશન વતી

બાબુભાઇ પટેલ
ચેરમેન

QES
ISO 9001 ISO 14001 OHSAS 18001